યુવાનોને કેળવણી સાથે સંસ્કાર પણ શિક્ષણ સંસ્થામાંથી પ્રાપ્ત થાય તે આવકાર્ય છે. ગાંધીનગરની સરકારી વિનયન કોલેજના અનુસ્નાતક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને આ હેતુસર સેકટર-૬ સ્થિત 'ક્રિષ્ના વૃધ્ધાશ્રમ'ની મુલાકાત કરાવાઈ હતી. કોલેજના યુવા વિદ્યાર્થીઓએ વૃધ્ધાશ્રમના વડિલો સાથે સમય ગાળી તેમના અનુભવના ભાથામાંથી જીવનોપયોગી શીખ પ્રાપ્ત કરી હતી તથા તેમના આશીર્વાદ પણ લીધા હતા. આ મુલાકાતનું સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો. રાહુલભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ ડૉ. સોનલ મોદીએ કર્યું હતું.

આરએસએસ ગાંધીનગર દ્વારા શહેરમાં આજે વિજયાદશમી ઉત્સવ નિમિત્તે જાહેર કાર્યક્રમ યોજાશે

શહેરના નવા વિસ્તાર એવા કુડાસણમાં વિવિધ શારીરિક કાર્યક્રમો રજૂ કરાશે

ગુજરાત સહિત સમગ્ર દેશમાં નવરાત્રી પર્વનું અનેરૂ મહત્વ છે. મા શક્તિની પૂજા-અર્ચના કરવાનુ પર્વ એટલે નવરાત્રી વિજયાદશમી પર્વ એટલે કે દશેરાના દિવસે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ આરએસએસની સ્થાપના થઈ હતી. ગાંધીનગરના નવા વિસ્તાર એવા સરદાર ચોક, કુડાસણ ખાતે તા. ૨૪ સપ્ટેમ્બર, રવિવારના રોજ સાંજે ૫ કલાકે વિજયાદશમી ઉત્સવ નિમિત્તે એક જાહેર કાર્યક્રમનું આરએસએસ ગાંધીનગર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. આ જાહેર કાર્યક્રમમાં સંઘના પ્રશિક્ષક કાર્યકર્તાઓ દ્વારા સરદાર ચોક, કુડાસણ ખાતે વ્યાયામ યોગ, સમતા, દંડના પ્રયોગો જેવા વિવિધ શારીરિક પ્રાત્યશિક કાર્યક્રમો રજૂ કરવામાં આવશે.

આ પ્રસંગે આરએસએસ ગુજરાતના પ્રાંત બૌદ્ધિક પ્રમુખ મહેશભાઈ ઓઝા મુખ્ય વક્તા તરીકે રહેશે. જ્યારે અધ્યક્ષ તરીકે સ્વામી નારાયણ ગુરૂકુળ ગાંધીનગરના સ્વામી રામકૃષ્ણદાસ ખાત ઉપસ્થિત રહેશે. આ જાહેર કાર્યક્રમમાં નગરજનોને ઉપસ્થિત રહેવા ગાંધીનગરના નગર સંઘચાલક મનુભાઈ મોદી દ્વારા અનુરોધ કરાયોછે.

ડૉ.આંબેડકરના સંકલ્પભૂમિ સ્મારક સ્થળ પર પુષ્પાજંલી

ડૉ. બાબાસાહેબ આંબેડકરના શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વડોદરા કમાટીબાગમાં આવેલ ડૉ.બાબા સાહેબ આબંડેકરની સંકલ્પભૂમિ સ્મારકના સ્થળે પુષ્પાજલી અર્પણ કરી હતી. આ સ્થળે ડૉ.બાબા સાહેબ આંબેડકરએ છેવાડાના માનવીને અધિકાર, આત્મસન્માન, સંગઠીત, શિક્ષિત, સંકલ્પબધ્ધ બનાવી જીવનને સંકલ્પથી સવિધાન લઈ જવાનો સંકલ્પ કર્યો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સંકલ્પ સ્થળે પુષ્પાજલી અર્પી ધન્યતા અનુભવી હતી અને રાજ્યના છેવાડાના માનવીને તમામ હક્કો અને સુવિધા પુરી પાડવાના ડૉ. બાબાસાહેબ આંબેડકરના સંકલ્પને દોહરાવ્યો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્થળ ઉપર ઉપસ્થિત બૌદ્ધ મઠના સાધુ સંતો સાથે વિચાર વિમર્શ કર્યો હતો તેમજ દેશ-વિદેશના ડૉ.બાબાસાહેબ આંબેડકરના અનુયાયીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આ સ્થળે મંદિર, કન્વેશન સેન્ટર, આર્ટ ગેલેરી, મ્યુઝીયમ બનાવવામાં આવશે તેમજ આ સ્થળ દેશ વિદેશમાં ટુરીઝમના સ્થાન તરીકે વિકાસ પામશે તેમ જણાવ્યું હતું.

રાજ્યમાં સ્વાઈન ફ્લુના ૧૧ કેસો સપાટી પર આવ્યા

અમદાવાદ, તા.૨૩

અમદાવાદમાં સ્વાઈન ફ્લુના આજે વધુ ૧૧ કેસ સપાટી ઉપર આવ્યા હતા. સ્વાઈન ફ્લુને કારણે શનિવારના દિવસે કોઈનું પણ મોત થયું ન હતું. જેથી તંત્રએ રાહતનો દમ લીધો હતો. સ્વાઈન ફ્લુને કાબુમાં લેવામાં હવે ધીમે ધીમે સફળતા મળી રહી છે. આંકડા પરથી આ બાબત સાબિત થાય છે. રાજયના અન્ય વિસ્તારોની સાથે આ વર્ષે અમદાવાદ શહેરમા ઓગસ્ટ માસની શરૂઆતથી સ્વાઈનફ્લુના જોવા મળેલા કેસ તેમજ મોતની સંખ્યા હવે ક્રમશ ઘટતી નજરે પડી રહી છે અમદાવાદ શહેરમા છેલ્લા ૨૪ કલાકની અંદર સ્વાઈનફ્લુના નવા ૧૧ કેસ નોંધાવા પામ્યા છે. આજે ૧૪ જેટલા દર્દીઓને રજા આપવામા આવી છે. અત્યારસુધીમા કુલ ૨૩૫૪ દર્દીઓને રજા આપવામા આવી છે.હાલમા કુલ ૬ દર્દી વેન્ટીલેટર પર, ૨ દર્દી બાયપેપ અને પાંચ દર્દી ઓકિસજન ઉપર તેમજ ૪૫ દર્દી સ્ટેબલ છે.હાલમા વિવિધ હોસ્પિટલોમા કુલ મળીને ૪૬ જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.હાઉસ ટુ હાઉસના ત્રીજા, ચોથા રાઉન્ડ મળીને અત્યારસુધીમા કુલ ૨૫,૨૦,૧૬૪ ઘરોમા સર્વે કરવામા આવ્યો હતો જેમા ૨૩,૨૩૮ શંકાસ્પદ કેસ પૈકી બી કેટેગરીના ૫૨૮ દર્દીઓને સારવાર આપવામા આવી છે. હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરીનો પ્રથમ રાઉન્ડ ૧૬મી ઓગસ્ટના દિવસે પુર્ણ કરાયો હતો. જ્યારે હાઉસ ટુ હાઉસ સર્વે બીજો રાઉન્ડ ૨૨મી ઓગસ્ટના દિવસે પુરો કરાયો હતો. હાઉસ ટુ હાઉસ સર્વેનો ત્રીજો અને ચોથો રાઉન્ડ મળીને કુલ ૨૫૨૦૧૬૪ ઘરોમાં સર્વેનું કામ કરવામાં આવ્યું હતું જેમાં ૨૨૨૩૮ શંકાસ્પદ કેસો પૈકી કેટેગરી બીના કુલ ૫૨૮ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. આયુર્વેદિક ઉકાળા વિતરણની સંખ્યા હજુ સુધી ૮૪૦૧૪૨ ઉપર પહોંચી ગઈ છે. સ્વાઈન ફ્લુ અંગેની જનજાગૃત્તિ માટે પણ કામગીરી હાથ ધરાઈ છે. એકશન ટેકન રિપોર્ટના આધારે સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે.

પ્રદીપ શર્મા સામેના શીડયુલ ઓફેન્સના કેસો ઈડી કોર્ટમા

પ્રદીપ શર્મા વિરૂધ્ધ શીડયુલ ઓફેન્સના ગુના લાગુ પાડયા હોઇ ભુજની કોર્ટથી ત્રણ કેસો સ્પેશિયલ કોર્ટમાં ટ્રાન્સફર

અમદાવાદ,તા. ૨૩

પૂર્વ સનદી અધિકારી પ્રદીપ શર્મા વિરૂધ્ધના મુંબઈની વેલસ્પન કંપનીને જમીન ફાળવણી, વિદેશમાં પોતાની પત્નીના એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર કરવા સહિતના કુલ ત્રણ કેસો કે જે શીડયુલ ઓફેન્સના હતા, તે અમદાવાદની ઈડીની સ્પેશ્યલ કોર્ટમાં ટ્રાન્સફર કરાયા છે. આ કેસોની કાર્યવાહી અગાઉ ભુજની જે તે કોર્ટમાં ચાલી રહી હતી પરંતુ કાયદાકીય જોગવાઈ મુજબ, પ્રદીપ શર્મા વિરૂધ્ધના ભુજના ગુનાઓમાં શીડયુલ ઓફેન્સ લાગુ પડતો હોય તો તે ગુનાને લગતી કાર્યવાહી શીડયુલ ઓફેન્સની સ્પેશ્યલ કોર્ટ સમક્ષ જ ચાલી શકે. આ જોગવાઈ મુજબ, ઈડી દ્વારા પ્રદીપ શર્માના ત્રણેય કેસો અત્રેની ઈડીની સ્પેશ્યલ કોર્ટ સમક્ષ ટ્રાન્સફર કરવા કરાયેલી અરજી ગ્રાહ્ય રખાઈ હતી અને શીડ્યુલ ઓફેન્સના ત્રણેય કેસો ઈડીની અહીંની સ્પેશ્યલ કોર્ટમાં ટ્રાન્સફર કરાયા હતા.

બીજીબાજુ, પ્રદીપ શર્મા દ્વારા શીડયુલ ઓફેન્સના કેસો ટ્રાન્સફર કરવા અંગેની અરજી પરનો અંતિમ ચુકાદો ઈડીની સ્પેશ્યલ કોર્ટે તા.૬ઠ્ઠી ઓકટોબર પર મુલતવી રાખ્યો છે. પ્રદીપ શર્મા તરફથી સિનિયર એડવોકેટ આર.જે.ગોસ્વામીએ જણાવ્યું હતું કે, પ્રીવેન્શન ઓફ મની લોન્ડરીંગ એકટની કલમ-૪૩ની જોગવાઈ મુજબ, અરજદાર પ્રદીપ શર્મા વિરૂધ્ધ શીડયુલ ઓફેન્સ લાગુ પાડયો હોઈ તે કેસોની કાર્યવાહી પીએમએલએની સ્પેશ્યલ કોર્ટમાં જ ચાલી શકે અને તેથી અહીંની કોર્ટમાં અરજદાર વિરૂધ્ધના શીડયુલ ઓફેન્સના કેસોની કાર્યવાહી ચાલવી જોઈએ. દરમ્યાન ઈડી તરફથી સ્પેશ્યલ પબ્લીક પ્રોસીક્યુટર સુધીર ગુપ્તાએ કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે, ઈડીએ કાયદા મુજબ, ભુજની કોર્ટમાં અરજી કરી શર્મા વિરૂધ્ધના ઓફેન્સના ગુનાના કેસોનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ ટ્રાન્સફર કરાવવાની પ્રક્રિયા પૂર્ણ કરી છે અને આ કેસો અહીં ટ્રાન્સફર થઈ ગયા છે, તેથી કોર્ટે શર્માની અરજીનો નિકાલ કરવો જોઈએ.

નારોલમાં પાંચ દુકાનના તાળા તૂટતા ભારે સનસનાટી મચી

અમદાવાદ,તા. ૨૩

નારોલ-અસલાલી હાઈવે પરના એક કોમ્પલેક્ષમાં અને નારોલ ગામમાં તસ્કરો ત્રાટકયા હતા અને પાંચ જેટલી દુકાનોના તાળા તોડી ૪૩ મોબાઈલ ફોન સહિતના મુદ્દામાલ પર હાથ સાફ કરી રફુચક્કર થઈ ગયા હતા. વટવા પોલીસ મથકમાં આ અંગેની ફરિયાદ દાખલ થઈ હતી, જેના આધારે પોલીસે આરોપી તસ્કરોની શોધખોળ આદરી છે. પરંતુ એકસાથે રૂ.૭૬ હજારની કિંમતની ૪૩ મોબાઈલ ફોનની ચોરી થતાં સમગ્ર વિસ્તારમાં ખાસ કરીને સ્થાનિક દુકાનદારોમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, નારોલ ગામમાં કૃષ્ણધામ સોસાયટી ખાતે રહેતા અને નારોલ-અસલાલી હાઈવે પર આવેલા કૃષ્ણવિલા કોમ્પલેક્ષમાં મોબાઈલની દુકાન ધરાવતા હર્ષિલભાઈ પટેલ ગુરૂવારે રાત્રે દુકાન બંધ કરી ઘેર ગયા હતા, દરમ્યાન મોડી રાત્રે કેટલાક અજાણ્યા તસ્કરોએ ત્રાટકી હર્ષિલભાઈની દુકાનમાંથી ૪૩ મોબાઈલ ફોનની ચોરી કરી નાસી છૂટ્યા હતા. એટલું જ નહી, તસ્કરો નારોલ ગામની અન્ય કેટલીક દુકાનો પર ત્રાટકી હાથ સાફ કર્યોહતો. આ સમગ્ર ચોરીની ઘટનાને લઈ સ્થાનિક દુકાનદારોમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

બીજા નોરતે મહિલા પોલીસે પાંચ લુખા તત્વોને ઝબ્બે કર્યા

નવરાત્રિમાં સાદા ડ્રેસ-ચણિયાચોળીમાં સુસજ્જ મહિલા પોલીસનો સપાટો : રોમિયોગીરી કરતાં તત્વોમાં ફફડાટ

અમદાવાદ, તા.૨૩

નવરાત્રિનું પાવન પર્વમાં યુવાધન હિલોળે ચઢયું છે ત્યારે ગઈકાલે બીજા નોરતે શહેરના વિવિધ વિસ્તારમાં રાસ-ગરબાની રમઝટ દરમ્યાન યુવતીઓની છેડતી કરતાં અને મોડી રાતે ઘેર પરત ફરી રહેલી યુવતીઓ સાથે રોમીયોગીરી કરતાં પાંચથી વધુ યુવકોને સાદા ડ્રેસમાં સજ્જ મહિલા પોલીસની સ્કવોડે રંગેહાથ ઝડપી લોકઅપ ભેગા કરી કાર્યવાહી હાથ ધરી હતી. નવરાત્રિના પ્રથમ બે દિવસમાં જ મહિલા પોલીસે સપાટો બોલાવી ૧૯ લુખા તત્વોને ઝબ્બે કર્યા હતા. મહિલા પોલીસની કડક કાર્યવાહીને પગલે રોમીયોગીરી કરતાં યુવકોના હોશ ઉડી ગયા હતા. નવરાત્રિના પર્વને લઈ યુવતીઓ અને મહિલાઓની સુરક્ષા માટે મહિલા પોલીસની ખાસ જુદી જુદી સ્કવોડની રચના કરવામાં આવી છે અને તેઓ સાદા ડ્રેસ અને ચણિયાચોળીમાં સજ્જ થઈ રાસ-ગરબાના વિવિધ સ્થળોએ બાજ નજર રાખી રહી છે., નવરાત્રિના નવ દિવસ મહિલા પોલીસ સ્કવોડને એલર્ટ કરી દેવામાં આવી છે.

નવરાત્રિ દરમ્યાન રાસ-ગરબાના સ્થળોએ તેમ જ મોડી રાતે ગરબે ઘૂમી પરત ફરતી યુવતીઓ-મહિલાઓને છેડતી, મજાક-મશ્કરી અને બિભત્સ ઈશારા કરતાં ૧૪ જેટલા યુવકોને નોરતાના પહેલા જ દિવસે મહિલા પોલીસની સ્કવોડે રંગેહાથ ઝડપી લીધા હતા. શહેરના એસજી હાઈવે, રિવરફ્રન્ટ અને સીજી રોડ સહિતના વિસ્તારોમાં મહિલા પોલીસની સ્કવોડે સપાટો બોલાવ્યો હતો. સાદા ડ્રેસ અને ચણિયાચોળીમાં સજ્જ મહિલા પોલીસની ટીમોએ રોમીયોગીરી કરતાં આ યુવકોને રાતે ને રાતે ઉઠાવી લોકઅપ ભેગા કર્યા હતા. મહિલા પોલીસ સ્કવોડના સપાટાને પગલે લુખાગીરી કરતાં યુવકોના હોશ ઉડી ગયા હતા.

નવરાત્રિના પર્વ દરમ્યાન યુવતીઓ અને મહિલાઓની ખાસ સુરક્ષા માટે બે પીઆઈ અનએ પાંચ પીએસઆઈની આગેવાની હેઠળ અલગ-અલગ સ્કવોડની રચના કરવામાં આવી છે. આ સિવાય ૧૮૧ નંબરની અભયમ્‌ની હેલ્પલાઈનની પણ મદદ લેવાઈ રહી છે કે જેના મારફતે આવી કોઈ ફરિયાદ મળે તો સ્કવોડની દસ જેટલી ગાડીઓની મદદથી જે તે વિસ્તારમાં તાત્કાલિક પહોંચી આવા તત્વોને ઝબ્બે કરી શકે. મહિલા પોલીસની સ્કવોડ સાદા ડ્રેસમાં સજ્જ હોવાથી આવા તત્વો પોલીસના સકંજામાં આબાદ ઝડપાઈ જવાની સંભાવના વધી જાય છે. મહિલા પોલીસની આકરી કાર્યવાહીને લઈ રોમીયોગીરી કરતાં લુખા તત્વો પણ ફફડી ઉઠયા છે. પોલીસ ટીમ સ્થિતી પર નજર રાખી રહી છે.

હવે ભાજપના કુશાસન અને અનીતિથી લોકો કંટાળી ગયા

રાહુલના સૌરાષ્ટ્ર ઝોનના પ્રવાસની જાહેરાત કરાઇ : ૨૫મીએ દ્વારકા ખાતે રાહુલની યાત્રા શરૂ : ચૂંટણી પ્રવાસ દરમ્યાન રોડ-શો થશે : ભાજપની હાર નક્કી : શકિતસિંહ

અમદાવાદ,તા. ૨૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને લઈ કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના સૌરાષ્ટ્ર ઝોનના પ્રવાસની કોંગ્રેસ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રસંગે સોશ્યલ મીડિયામાં ભાજપ પર માછલાં ધોતાં વિકાસ શબ્દ, મારા હાળા છેતરી ગયા સહિતના શબ્દોનો જે મારો ચાલી રહ્યો છે તેને લઈ કોંગ્રેસે ભાજપ પર માર્મિક પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ભાજપના કુશાસન અને અનીતિથી કંટાળેલી ગુજરાતની જનતાએ જ વિકાસ અને મારા હાળા છેતરી ગયા જેવા શબ્દો શોધ્યા છે અને સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યા છે. તે જ સ્પષ્ટ કરી દે છે કે, આ વખતે જનતાનો મુડ શું છે. આ વખતે ભાજપની હાર નક્કી છે એમ કોંગ્રેસના સિનિયર નેતા શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું.

રાહુલ ગાંધીની ગુજરાત મુલાકાતથી ભાજપને ફાયદો છે કારણ કે, રાહુલે જયાં જયાં મુલાકાત લીધી ત્યાં કોંગ્રેસ હાર્યું છે એવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નિવેદન અંગે પ્રતિક્રિયા આપતાં શકિતસિંહ ગોહિલે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી બેબાકળા અને રઘવાયા બન્યા છે. રાહુલ ગાંધીએ ગુજરાતમાં જે વિસ્તારોની મુલાકાત લીધી ત્યાં કોંગ્રેસ જીત્યું છે પરંતુ વિદેશ પ્રવાસના શોખીન નરેન્દ્ર મોદીના વિદેશ પ્રવાસ રદ કરી ગુજરાતની મુલાકાત વધારી દેવામાં આવી છે તે પરથી જ સ્પષ્ટ થાય છે કે, આ વખતે ભાજપની હાર નક્કી છે અને કોંગ્રેસની સરકાર બનવાની છે. તેમણે ઉમેર્યું કે, વિકાસ, મારા હાળા છેતરી ગયા જેવા શબ્દો ભાજપની નીતિઓથી ત્રસ્ત જનતાના શબ્દો છે, આ શબ્દો ગુજરાતની જનતાએ જ શોધી પોતાનો આક્રોશ સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો છે. ભાજપે તે સમજી લેવું જોઈએ કે, તેણે ગુજરાતની જનતા સાથે કેટલી હદે અત્યાચાર અને અન્યાય કર્યો છે. કોંગ્રેસના સિનિયિર નેતાઓ શકિતસિંહ ગોહિલ અને અર્જુન મોઢવાડિયાએ આ પ્રસંગે રાહુલ ગાંધીના સૌરાષ્ટ્ર ઝોનના પ્રવાસની માહિતી આપી હતી કે, તા. ૨૫મી સપ્ટેમ્બરે રાહુલ ગાંધી તેમની ચૂંટણી પ્રવાસની યાત્રાનો દ્વારકા ખાતે દ્વારકાધીશના દર્શન કરી પ્રારંભ કરશે. જયાં કલ્યાણપુર, ભાટિયા અને ખંભાળિયામાં લોકોને મળશે. ત્યારબાદ જામનગર પહોંચશે, જયાં વિશાળ રો-શોનું આયોજન કરવામાં આવ્યું છે.

કંપની સમાચાર

પ્રતાપ સ્નેક્સ લિમિટેડ ૧૫ એન્કર ઈન્વેસ્ટર્સને ઈક્વિટી શેરદીઠ ૯૩૮ના ભાવે ૧૪૩.૪ કરોડનાં ઈક્વિટી શેરની ફાળવણી કરશે

આઈપીઓ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૭ને ખુલશે અને ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૭ને બંધ થશે

પ્રતાપ સ્નેક્સ લિમિટેડ ("કંપની" અથવા "ઈશ્યૂઅર")એ ૧૫ એન્કર ઈન્વેસ્ટર્સને ઈક્વિટી શેરદીઠ રૂ. ૯૩૮ (અપર પ્રાઈઝ બેન્ડ પર) પર કુલ રૂ. ૧૪૩.૪ કરોડનાં ૧,૫૨૮,૭૮૯ શેર ફાળવશે.

એન્કર બુક એન્કર ઈન્વેસ્ટર્સને ફાળવવામાં આવી છે, જેમાં સ્મોલ કેપ વર્લ્ડ ફંડ ઈન્ક-૧૭.૪૩%, ફિડેલિટી ફંડ્સ-૧૧.૧૬%, ગોલ્ડમેન સાક્સ ઈન્ડિયા લિમિટેડ-૧૧.૧૬%, એચડીએફસી ટ્રસ્ટી કંપની લિમિટેડ એચડીએફસી ઈક્વિટી સેવિંગ ફંડ- ૬.૯૭%, એસબીઆઈ એફએમસીજી ફંડ-૨.૨૩%, એસબીઆઈ મેગ્નમ મંથલી ઈન્કમ પ્લાન-૦.૭%, એસબીઆઈ રિસર્જન્ટ ઓપોર્ચ્યુનિટીઝ સ્કીમ- ૦.૭૦%, એસબીઆઈ કોન્ટ્રા ફંડ- ૬.૧૪%, એસબીઆઈ લોંગ ટર્મ એડવાન્ટેજ સીરિઝ IV-૧.૩૯%, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ ગ્રોથ ફંડ સીરિઝ ૮-૧.૫૪%, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ વેલ્યુ ફંડ સીરિઝ ૫-૫.૪૪%, બિરલા સન લાઈફ ટ્રસ્ટી કંપની પ્રાઈવેટ લિમિટેડ- એકાઉન્ટ બિરલા સન લાઈફ મેનુફેક્ચરિંગ ઈક્વિટી ફંડ-૪.૪૨%, બિરલા સન લાઈફ ટ્રસ્ટી કંપની પ્રાઈવેટ લિમિટેડ- એકાઉન્ટ બિરલા સન લાઈફ ઈન્ડિયા જેનનેક્સ્ટ ફંડ-૨.૫૬%, ડીએસપી બ્લેકરોક ઈક્વિટી સેવિંગ્સ ફંડ-૨.૮૨%, ડીએસપી બ્લેકરોક એમઆઈપી ફંડ-૦.૭%, કોટક મંથલી ઈન્કમ પ્લાન-૦.૩૭%, કોટક ક્લાસિક ઈક્વિટી-૦.૩૭%, કોટક મિડકેપ-૨.૭૯%, યુટીઆઈ-ઈન્ડિયા લાઈફસ્ટાઈલ ફંડ-૩.૫૨%, સુંદરમ મ્યુચ્યુઅલ ફંડ એકાઉન્ટ સુંદર બેલેન્સ ફંડ- ૩.૫૨%, આઈડીએફસી ઈક્વિટી ફંડ-૨.૧૧%, આઈડીએફસી ડાયનેમિક ઈક્વિટી ફંડ-૧.૪૧%, એચડીએફસી સ્ટાન્ડર્ડ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ-૩.૫૨%, એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ-૩.૫૨% અને બીએનપી પારિબા આર્બિટ્રેજ-૩.૫૩%.

ઈશ્યૂની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૯૩૦થી રૂ. ૯૩૮ નક્કી કરવામાં આવી છે. બિડ્સ ૧૫ ઈક્વિટી શેર માટે અને પછી ૧૫ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે. બિડ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૭ને શુક્રવારે સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને બિડ/ઈશ્યૂ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૭ને મંગળવારે બંધ થશે.

વાહક છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિવિધ બાબતોને આવરી લઈ જે વિષય સજ્જતા માટે શિક્ષકો કરી રહ્યા છે તે અભિનંદનીય છે. કારણ કે શિક્ષકોના મનમાં એવુ હોય છે કે તેમને બધુ જ આવડે છે પણ ક્યારેક તે સાચુ નથી હોતુ.

પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે તેઓ શિક્ષણમંત્રી હતા ત્યારે ગણિત-વિજ્ઞાનના શિક્ષકોની ત્રિદિવસીય આવી શિબિર યોજી હતી અને તેમાં લેવાયેલ પરીક્ષામાં ૦ થી ૩૦ ગુણાંક મેળવનાર શિક્ષકો જણાયા હતા. એવોર્ડની રકમ મહત્વની નથી પણ તે સજ્જતા માટેનો અભિગમ અત્યંત જરૂરી છે. શિક્ષક વિષય સજ્જ હશે તો વિદ્યાર્થીને ગુણાત્મક અને ગુણવત્તાયુક્ત શિક્ષણનો આગ્રહી બનશે.

ગુણવત્તા અને ગુણાત્મક સુધાર એ બાળકોને સમર્થ નાગરિક બનાવશે અને તંદુરસ્ત સમાજની રચના થશે. આ પ્રસંગે સંસ્થાના વિવિધ આચાર્યો, વિવિધ વિષયના શિક્ષકો તેમજ પરીક્ષાનું સંચાલન કરતી ત્રણ શિક્ષિકાઓ કૌશલ્યાબેન, વીણાબેનનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કડી સર્વ કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, કડી વિશ્વ વિદ્યાલયના નિયામક ડૉ. ડી.ટી. કાપડીયા, રજીસ્ટ્રાર એસ.કે. મંત્રાલા તથા સંસ્થાના આચાર્યો, શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષક સજ્જતા એવોર્ડમાં એ ગ્રેડ મેળવનાર શિક્ષકને પ્રોત્સાહિત કરવા અત્યાર સુધીમાં ૧૯ લાખ સુધીના રોકડ પુરસ્કારો શિક્ષકોને એનાયત કરવામાં આવ્યા છે.

રામભરોસે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વોક વેની યોગ્ય જાળવણીના અભાવ વચ્ચે ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા પણ જોવા મળી રહયા છે. જયારે વરસાદી દિવસોના અંતે વોક વે પર ઠેર ઠેર ઘાસ ઉગી નિકળ્યુ છે. ફુટપાથની જાળવણી અન્વયે ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પરંતુ લાખોના ખર્ચના અંતે પણ ફુટપાથ પર ગાબડા જોવા મળી રહયા છે. વોક વે પરની ટાઈલ્સો પણ ઉખડી ગઈ છે. જયારે કેટલાક ઠેકાણે રહેણાંક વિસ્તારમાં જવાનો માર્ગ કરવા માટે સ્થાનિક રહીશો દ્વારા ગાબડા પાડી દેવામાં આવ્યા છે. ફુટપાથની કામગીરીમાં ગુણવત્તાનો અભાવ વર્તાય છે. ત્યારે કેટલાક ઠેકાણે ફુટપાથનુ કામ હજુ બાકી છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા રૂ ૨ કરોડના ખર્ચે નવો વોક વે બનાવાનુ આયોજન કરી દેવાયુ છે જેમાં સે-૩૦ પ્રેસ સર્કલથી જી ઈ બી તરફના માર્ગ પર વોક વે બનાવાશે. આ ઉપરાંત સે-૨૨ માં માર્ગ વાઈડનીંગનુ કામ કરવામાં આવ્યા બાદ આગામી તબક્કામાં ફુટપાથનુ કામ હાથ ધરાશે

પોઈચાનાં સ્વામીની ધરપકડ... ● ત્રીજા પાનાનું ચાલુ

હતો. ગાડીમાંથી તેમનો મોબાઈલ અને એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી જેમાં તેમના લેવડ-દેવડનાં હિસાબો અને આપઘાત કરવા મજબુર કરનાર કિસ્સાનો ઉલ્લેખ કરેલો હતો. મેઘરજની એક જમીનમાં તેની સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી થઈ હતી અને તે કરનારનાં નામો પણ સ્યુસાઈડ નોટમાં લખેલા હતા. જેમા પોઈચાનાં એક સ્વામી અને તેના માણસોના નામો લખેલા હોવાથી ખળભળાટ મચી જવા પામ્યો હતો. મૃતકની પત્નિની ફરિયાદ લઈ સ્યુસાઈડ નોટ આધારે ડભોડા પોલીસ મથકનાં પી.એસ.આઈ ડી.બી.વાળાએ પોઈચાવાળા સ્વામી જયસ્વરુપ તથા તેમના માણસો મયુર પટેલ, દર્શનભાઈ અને પાર્થ પટેલ સહિત ચાર શખ્સો સામે આઈ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦, ૩૦૬, અને ૧૧૪ મુજબ ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરુ કરી હતી. આ કેસ સંદર્ભે પોઈચાવાળા સ્વામી જયસ્વરુપદાસે ગાંધીનગરની ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી અને ડીસ્ટ્રીક્ટ કોર્ટે જયસ્વરુપ સ્વામીની આગોતરા અરજી મંજુર કરી હતી. જો કે સ્વામી જય સ્વરૂપની આ કેશમાં પુછપરછની જરૂર જણાતા ડભોડા પી.એસ.આઈ ડી.બી.વાળાએ મંજુરી લઈને સ્વામીની ધરપકડ કરી લીધી છે. સ્વામીની પુછપરછ માટે કોર્ટે ચાર દિવસનાં રિમાન્ડ મંજુર કરતા પોલીસે અન્ય આરોપીઓ સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

મંચ બનશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એચ.પી.સી.એલ.ના કાર્યકારી નિર્દેશક શ્રી રાજવી જૈને સ્વાગત પ્રવચન કરીને એલ.પી.જી. પંચાયત મહિલાઓના આર્થિક અને સામાજિક ઉત્થાનમાં મહત્વની સાબિત થશે તેમ જણાવ્યું હતું. ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર, સાંસદ ડૉ. કિરીટ સોલંકી, ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, સરપંચ શ્રી રમણભાઈ, પેટ્રોલિયમ સચિવ શ્રી આશુતોષ જિંદલ, અન્ન-નાગરિક પુરવઠા વિભાગના અગ્ર સચિવ શ્રી સંગીતાસિંહ, જિલ્લા કલેક્ટર શ્રી સતીષ પટેલ, ઈસનપુર ગામના દાતાઓ, આગેવાનો અને લાભાર્થી બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્ર